રજુ તારીખ :
દાખલ તારીખ :
ફૈંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.2688–21**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિરૂ ધ્ધ.

આરોપી : રાજકિશોર સમા તિવારી

ફરીયાદી તર્ફે વિ. વ.શ્રી એ.પી.પી. અને આરોપી તર્ફે

**ગુનો : એમ. વી. એકટની કલમ – 185 મુજબ.**

**–ઃચૂ કા દોઃ–**

૧. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

**આ કામના આરોપીએ** ચાર્જશીટમા દર્શાવેલ વિગતે કેફીપીણું પી વાહન ચલાવી લોકોની જીદંગી જોખમાય તે રીતે જાહેરમાં વાહન ચલાવવાનો આક્ષેપ છે જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે.

૩. **આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં** તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખતાં સદરહું **આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–ઃઆ ખ રી હું ક મઃ–**

**આ કામના આરોપી ને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી, એમ. વી. એકટની કલમ – 185 મુજબ ના ગુનામાં** કસુરવાર ઠરાવી **રૂા. ૨૦૦૦/– અંકે રૂપિયા** બે હજાર પુરા **જો આરોપી દંડ ન ભરે તો દિન– સાત ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ આખરી રાખવામાં આવે છે. શરતો રદ કરવામાં આવે છે. આરોપીએ વાહન છોડાવેલ ન હોય તો સી. આર. પી. સી. ની કલમ **– 452** મુજબ કાયમી ધોરણે આરોપીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ઉપરોકત ચુકાદો** આજ રોજ **જાહેર કર્યો.**

**તા.** 07/4/2021

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર,
અમદાવાદ.